**આર.ટી.આઈ.એકટની બાબત**
**અત્યંત જરૂરી**
**સમયમર્યાદા**

ક્રમાંક : પતક-૨૦૦૬-૩૮- આર.ટી.આઈ.સેલ
ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. : ૦૭-૦૨-૨૦૦૭

પ્રતિ,
શ્રી..(નામજોગ)........
સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/સચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો,
સચિવાલય, ગાંધીનગર.

**વિષયઃ પ્રોએકટીવ ડીસ્કલોઝર્સ( P.A.D.) અદ્યતન કરવા બાબત.**
**૧૭ મુદ્દાઓની માહિતી પુસ્તિકા**

માનનીયશ્રી,

ઉપર્યુકત વિષય પરત્વે અત્રેના તા.૧૫/૧૨/૨૦૦૫ના પત્ર ક્ર: વકસ-૧૦૨૦૦૫-૨૫૫૬-આર.ટી.આઈ.સેલથી તથા ત્યારબાદ સમયાંતરે આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર આપની કચેરી તથા આપની કચેરીના નિયંત્રણ હેઠળની તાબાની કચેરીઓ/ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશનોના પ્રોએકટીવ ડીસ્કલોઝર્સ પ્રસિધ્ધ કરવામાં આવ્યા હશે. આ બાબત માહિતીના અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪ મુજબ દરેક જાહેર સત્તામંડળની જવાબદારી બને છે.

૨. સદરહુ બાબતે, આર.ટી.આઈ.એકટની કલમ-૪(૧)(ખ)મા દર્શાવ્યાનુસાર, આ પ્રોએકટીવ ડીસ્કલોઝર્સને દર વર્ષે અદ્યતન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આથી, આપની કચેરીના પ્રોએકટીવ ડીસ્કલોઝર્સ તા.૦૧-૦૧-૨૦૦૭ની સ્થિતિ મુજબ અદ્યતન કરવાની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવા તથા તે સાથે આપના વિભાગ હેઠળની તાબાની કચેરીઓ/ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશનો/સંબંધિત જાહેર સત્તામંડળોને, તેમના પ્રોએકટીવ ડીસ્કલોઝર્સ તા.૦૧-૦૧-૨૦૦૭ની સ્થિતિ મુજબ અદ્યતન કરવા જરૂરી સૂચના વિના વિલંબે આપવા વિનંતી છે.

૩. પ્રોએકટીવ ડીસ્કલોઝર્સ અદ્યતન કરાવ્યા બાદ તેને યોગ્ય રીતે આપના વિભાગની કચેરીની વેબસાઈટ પર પણ અપડેટ વિના વિલંબે કરાવવામાં આવે તેની કાળજી લેવા તથા તેની ગુજરાત માહિતી આયોગ અને અમને જાણ કરવા વિનંતી છે.

૪. ઉપરોકત કાર્યવાહી તમામ જાહેર સત્તામંડળો દ્વારા તા.૨૮-૦૨-૨૦૦૭ સુધીમાં અચૂકપણે થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સી.એસ.ઉપાધ્યાય)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

૭/૨/૨૦૦૭

નકલ રવાના પ્રતિ,
-સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.